**અમદાવાદ (ગ્રામ્ય)ના ચોથા એડી. સીવીલ જજ અને જયુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ક્રિમિનલ કેસ નં. ૩૩૦૯૨–૨૦૨૬**
**આંક:–**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:–** **શારદાબેન પ્રતાપજી સોલંકી**

**ગુનો:– ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ (એ) (એ) મુજબ**

**(૧)** સદરહું કામનાં આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાનાં કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૩૧ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપેલ હોવાની ખાત્રી કરી, તેઓ સામે સદર ગુનાનું તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને પ્લી લેતાં આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

**(૨)** આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઇએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો કોઇપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસીસમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઇ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છાપુર્વકની કબુલાત જણાતી હોય કેસનાં સંજોગો ધ્યાને લઇ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

સદર કામનાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૬ અન્વયે ગુજરાત **પ્રોહી.એકટની કલમ–૬૫ (એ)(એ)** નાં ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા દરેક આરોપીને **રૂ ૧૦૦/– પુરા (અંકે રૂપિયા સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જો દંડ ન ભરે તો **દિન–૨** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તા. ૧૧ મી, માહે– જુલાઇ , સને–૨૦૨૬ નાં રોજ જાહેર કર્યો.**

તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ :– અમદાવાદ (ગ્રામ્ય)
નવરંગપુરા

**(જી.બી.સિયાગ)**
જથા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા, અમદાવાદ
**(યુઆઇકોડ નં. જીજે૦૧૬૬૮)**